પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૬) અંક નં. ૩૧૭ | ૩૦ જાન્યુઆરી, ૨૦૨૨, રવિવાર; પોષ વદ - ૧૩ | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦

# ઈલેક્ટ્રોનિક્સ વસ્તુઓ-મોબાઈલ સસ્તા થવાનાં સંકેત

## પહેલી ફેબ્રુઆરીને સિતારમન બજેટ રજૂ કરશે : સરકાર સ્માર્ટ વોચ જેવા સાધનો પર પણ ડ્યુટી ઘટાડવા માટે વિચારી રહી છે


નવી દિલ્હી, તા. ૨૯

કેન્દ્રીય નાણા મંત્રી નિર્મલા સિતારમન એક ફેબ્રુઆરીએ સંસદમાં બજેટ રજૂ કરશે.જેમાં દેશના તમામ વર્ગને ફાયદાની આશા છે. લોકો ઈચ્છી રહ્યા છે કે, સરકાર એવી જાહેરાતો કરે જેનાથી આવક વધે.દરમિયાન એક અંગ્રેજી અખબારે સરકારના સૂત્રોને ટાંકીને અહેવાલ પ્રગટ કર્યો છે કે, દેશમાં ઈલેક્ટ્રોનિક્સ અને મોબાઈલના પાર્ટસના મેન્યુફેક્ચરિંગને પ્રોત્સાહન આપવા માટે સરકાર તેના પર ડયુટી ઘટાડી શકે છે.જેનાથી ઈલેક્ટ્રોનિક વસ્તુઓ અને મોબાઈલ સસ્તા થઈ શકે છે. આ સિવાય કસ્ટમ ડ્યુટીની પ્રક્રિયાને પણ સરળ કરવાની ચર્ચા થઈ રહી છે.જેનાથી સ્થાનિક



ઉત્પાદનમાં પણ આસાની થશે.સરકાર સ્માર્ટ વોચ જેવા સાધનો પર પણ ડ્યુટી ઘટાડવા માટે વિચારી રહી છે. સરકારને આશા છે કે, મોબાઈલ ફોન મેન્યુફેક્ચરિંગ અને તેની નિકાસમાં તેજી આવશે તેમજ ઈલેક્ટ્રોનિક ઉપકરણો અને સાધનોની નિકાસ પણ વધશે.

સરકારને આશા છે કે, ૨૦૨૫ સુધીમાં ઈલેક્ટ્રોનિક ઉપકરણોની નિકાસ વધીને ૮ અબજ ડોલર થશે .જે હાલમાં ઝીરો છે.તેમજ ઈલેકટ્રોનિક્સ પ્રોડ્કટસની નિકાસ પણ બમણી થઈને ૧૭ અબજ ડોલરે પહોંચશે. સાથે સાથે ઈલેકટ્રોનિક મેન્યુફેક્ચરિંગ સેક્ટરનુ ટર્નઓવર પણ ૨૦૨૬ સુધીમાં ૩૦૦ અબજ ડોલર થઈ શકે છે.




## ગાંધીધામ-પુરી એક્સપ્રેસની પેન્ટ્રી કારમાં આગ લાગી : મોટી રેલવે દુર્ઘટના ટળતા રાહત

નવી દિલ્હી, તા.૨૯

ગાંધીધામ-પુરી એક્સપ્રેસમાં શનિવારે એક મોટી દુર્ઘટના સર્જાતા રહી ગઈ છે. સવારે ૧૦-૩૦ વાગ્યે આ ટ્રેનની પેન્ટ્રી કારમાં આગ લાગી હતી.ધૂમાડાના ગોટે ગોટા જોઈને ટ્રેનમાં મુસાફરી કરી રહેલા લોકો ગભરાઈ ગયા હતા.કેટલાક તો ચાલુ ટ્રેને નીચે કુદી ગયા હતા. સદનસીબે જ્યારે આ આગ લાગી ત્યારે ટ્રેન મહારાષ્ટ્રના નંદુરબાર સ્ટેશને પોહંચી ચુકી હતી.જેના કારણે તેની સ્પીડ ધીમી હતી. આગ લાગી ત્યારે પેન્ટ્રી કારની સાથે સાથે ટ્રેનમાં ૨૨ કોચ હતા અને તેમાં ૧૩મો કોચ પેન્ટ્રી કારનો હતો.આગ લાગ્યા બાદ આ કોચને બાકીના ડબ્બાથી અલગ કરી દેવામાં આવ્યો હતો તેમજ ફાયર બ્રિગેડને જાણ કરવામાં આવી હતી. લગભગ બાર વાગ્યે આગ પર કાબૂ મેળવવામાં આવ્યો હતો અને બંને તરફથી ટ્રેનોની અવર જવર પણ શરુ કરવામાં આવી હતી.રેલવે મંત્રાલયનુ કહેવુ છે કે, આ દુર્ઘટનામાં તમામ યાત્રિકો સુરક્ષિત છે.

## ભારતે ઈઝરાયલ પાસેથી જાસૂસી સોફ્ટવેર ખરીદ્યું

**ધ ન્યૂયોર્ક ટાઈમ્સના રિપોર્ટમાં ખુલાસો : મોદી સરકારે ૫ વર્ષ પહેલા ઈઝરાયલ સાથે ૨ અબજ ડોલરના સોદામાં પેગાસસ સ્પાઈવેરની ખરીદી સામેલ**

નવી દિલ્હી, તા.૨૯

ભારત સરકારે ૨૦૧૭માં ઈઝરાયલનું જાસૂસી સોફ્ટવેર પેગાસસ ખરીદ્યું હતું. અમેરિકી સમાચાર પત્ર ધ ન્યૂયોર્ક ટાઈમ્સના રિપોર્ટમાં આવો ખુલાસો કરવામાં આવ્યો છે. તેમાં કહેવામાં આવ્યું છે કે, મોદી સરકારે ૫ વર્ષ પહેલા ઈઝરાયલ સાથે ૨ અબજ ડોલરનો (આશરે ૧૫ હજાર કરોડ રૂપિયા) જે સંરક્ષણ સોદો કર્યો હતો તેમાં પેગાસસ સ્પાઈવેરની ખરીદી પણ સામેલ હતી. આ સંરક્ષણ ડીલમાં ભારતે કેટલાક હથિયારોની સાથે એક મિસાઈલ સિસ્ટમ પણ ખરીદી હતી. ન્યૂયોર્ક ટાઈમ્સે એક વર્ષ જેટલા લાંબા સમય સુધી ચાલેલી તપાસ બાદ એવો ખુલાસો કર્યો છે કે, અમેરિકાની તપાસ એજન્સી ફેડરલ બ્યુરો ઓફ ઈન્વેસ્ટિગેશન (એફબીઆઈ)એ પણ ઈઝરાયલની એનએસઓ ફર્મ પાસેથી પેગાસસની ખરીદી કરી હતી. એફબીઆઈએ ઘરેલું મોનિટરીંગ માટે ઉપયોગ કરવાની યોજના અંતર્ગત તેનું અનેક વર્ષો સુધી ટેસ્ટિંગ પણ કર્યું પરંતુ ગત વર્ષે એજન્સીએ પેગાસસનો ઉપયોગ બંધ કરવાનો નિર્ણય લીધો હતો. જોકે રિપોર્ટમાં એ સ્પષ્ટતા નથી કરવામાં આવી કે, એફબીઆઈનો આ નિર્ણય પેગાસસનું રહસ્ય ખુલ્યું તે પહેલા આવ્યો કે બાદમાં. રિપોર્ટમાં જણાવવામાં આવ્યું છે કે, કઈ રીતે પેગાસસ સ્પાઈવેરનો સમગ્ર

● અનુસંધાન પાન-૭ પર

## ખેડૂતો ૩૧ જાન્યુઆરીએ વિશ્વાસઘાત દિન તરીકે ઉજવશે

**સંયુક્ત કિસાન મોરચાએ કહ્યું કે ૩૧ જાન્યુઆરીના વિરોધ પ્રદર્શન દરમિયાન કેન્દ્ર સરકારને આવેદન સોંપવામાં આવશે**

નવી દિલ્હી,તા.૨૯

સંયુક્ત કિસાન મોરચાએ જાહેરાત કરી છે કે તેઓ ૩૧ જાન્યુઆરીનો દિવસ દેશભરમાં વિશ્વાસઘાત દિવસ તરીકે ઉજવશે. જેમાં જિલ્લા અને બ્લોક સ્તર પર મોટા પાયે વિરોધ પ્રદર્શન થશે. બેઠક બાદ સંયુક્ત કિસાન મોરચાએ કહ્યું કે મોરચા સાથે જોડાયેલા તમામ ખેડૂત સંઘો આ વિરોધ પ્રદર્શનમાં મોટા પાયે ભાગ લેશે. આ પ્રદર્શન દેશના ઓછામાં ઓછા ૫૦૦ જિલ્લાઓમાં આયોજિત કરવામાં આવશે. સંયુક્ત કિસાન મોરચાએ કહ્યું કે ૩૧ જાન્યુઆરીના વિરોધ પ્રદર્શન દરમિયાન કેન્દ્ર સરકારને એક આવેદન પણ સોંપવામાં આવશે. બેઠક દરમિયાન આ કાર્યક્રમની તૈયારીની સમીક્ષા કરવામાં આવી. ખેડૂતોનો દાવો છે કે સરકારે તેમને દગો કર્યો છે. નોંધનીય છે કે ત્રણેય કૃષિ કાયદા રદ કરવાની માંગણીઓને લઈને ખેડૂતોએ એક વર્ષ કરતા વધુ સમય સુધી આંદોલન કર્યું હતું. ત્રણ કૃષિ કાયદાને રદ કરવાના સરકારના નિર્ણય બાદ જીદ્દસ એ જાહેરાત કરી હતી કે જો સરકાર તેમની અન્ય માંગણીઓ પૂરી કરવામાં નિષ્ફળ જશે તો આંદોલન ફરીથી શરૂ થઈ શકે છે. ખેડૂત સંગઠન એમએસપી પર કાયદો બનાવવાની માગણી કરી રહ્યા છે. સંયુક્ત કિસાન મોરચાએ કહ્યું કે

● અનુસંધાન પાન-૭ પર

## ભારતથી સીધા કેનેડા જનારે કોરોના ટેસ્ટ નહીં કરાવવો પડે

નવી દિલ્હી , તા.૨૯

ભારતથી ડાયરેક્ટ ફ્લાઈટમાં કેનેડા આવતા લોકોને હવે કોરોનાનો ટેસ્ટ નહીં કરાવવો પડે. ૨૮ જાન્યુઆરીથી કેનેડાએ છૂટછાટ જાહેર કરતાં આ નિયમને પડતો મૂક્યો છે. અગાઉ ભારતથી સીધી ફ્લાઈટમાં કેનેડા આવતા લોકોને ડિપાર્ચરના ૧૮ કલાક પહેલા ટેસ્ટ કરાવવો પડતો હતો, જે નેગેટિવ હોય તો જ પેસેન્જરનું બોર્ડિંગ થઈ શકતું હતું. ભારતથી વાયા યુએઈ, યુરોપ કે અમેરિકાથી કેનેડા પહોંચતા લોકોને પણ કોરોના ટેસ્ટમાંથી મુક્તિ અપાઈ છે. કોરોનાની બીજી લહેર દરમિયાન પાંચ મહિનાના પ્રતિબંધ બાદ ૨૭ સપ્ટેમ્બર ૨૦૨૧થી ભારત અને કેનેડા વચ્ચે સીધી ફ્લાઈટ્સ શરુ થઈ હતી. જોકે, પેસેન્જર્સને ફ્લાઈટ પકડવાના ૧૮ કલાક પહેલા કોરોનાનો નેગેટિવ રિપોર્ટ જમા કરાવવો ફરજિયાત હતો. હાલ કેનેડાની ડાયરેક્ટ ફ્લાઈટ માત્ર દિલ્હીથી જ ઉપડે છે. જોકે, આગામી સમયમાં વધુ ભારતના શહેરોમાંથી કેનેડાની ફ્લાઈટ શરુ થવાની શક્યતા છે. ટ્રાન્સપોર્ટ કેનેડાએ પોતાના સત્તાવાર ટ્વીટર હેન્ડલ પર ૨૮ જાન્યુઆરીએ આ અંગે જાહેરાત કરતા જણાવ્યું હતું કે, ભારત અને મોરોક્કોથી આવનારા પેસેન્જર્સે હવે કોરોના ટેસ્ટ કરાવવો જરુરી નથી.

## એરઈન્ડિયા માટે ટાટાને ૫ વર્ષમાં ૩૭૫૦૦ કરોડ જોઈશે

નવી દિલ્હી, તા.૨૯

ટાટા ગ્રુપે એર ઈન્ડિયાની કાયાપલટ તો શરુ કરી દીધી છે પણ ટાટા ગ્રૂપ માટે પણ એરલાઈનના મેક ઓવર કરવા માટે ખાસી મહેનત કરવી પડશે. જાણકારોનુ માનવુ છે કે, એર ઈન્ડિયાની કાયાપલટ માટે આગામી પાંચ વર્ષમાં ટાટા ગ્રૂપને ૩૭૫૦૦ કરોડ રુપિયાનો ખર્ચ કરવો પડશે. એર ઈન્ડિયાને પ્રોફિટમાં લાવવા માટે ટાટા ગ્રૂપે પોતાની ત્રણે એરલાઈન કંપનીઓનુ મર્જર કરવુ પડશે.ટિકિટના ભાવમાં ઓછામાં ઓછા ૧૫ ટકાનો વધારો કરવો પડશે.નુકસાનમાં ચાલી રહેલા રુટ બંધ કરવા પડશે.જુના વિમાનોને કાઢી નાંખવા પડશે અને આંતરરાષ્ટ્રીય સ્તરના ધારાધોરણો પર ફોકસ કરવુ પડશે. જાણકારોનુ માનવુ છે કે, એર ઈન્ડિયાના હાલના કર્મચારીઓની છટણી ટાટા ગ્રૂપ સામે મોટો પડકાર હશે. હવે ટાટા સન્સના ચેરમેન ચંદ્રશેખરન પર આધાર રાખે છે

● અનુસંધાન પાન-૭ પર




# ભારત-બાંગ્લા સરહદે તારબંધી

**સરહદ પર સલામતી મજબૂત બનાવાશે : ૨૦ કિમીના વિસ્તારમાં અત્યાધુનિક તારબંધી કરી દેવાઈ છે, તેના પર ચઢી નહીં શકાય અને તેને કાપી નહીં શકાય**

નવી દિલ્હી , તા.૨૯

પશ્ચિમ બંગાળને અડીને આવેલી ભારત-બાંગ્લાદેશ સરહદ





પર આધુનિક તારબંધી કરવામાં આવી રહી છે. આ સરહદ પર બીએસએફ એવા તાર લગાવડાવી રહ્યું છે જેને કાપી પણ નહીં શકાય અને તેના પર ચઢી પણ નહીં શકાય. બંગાળ સરહદના સીમા સુરક્ષા બળના આઈજી અજય સિંહે જણાવ્યું કે, વર્તમાન ફેન્સિંગ ખૂબ જ જૂની છે. તેના બદલે નવી મજબૂત ફેન્સિંગ કરવામાં આવી રહી છે. આશરે ૨૦ કિમીના વિસ્તારમાં અત્યાધુનિક તારબંધી કરી દેવાઈ છે. તેના પર ચઢી પણ નહીં શકાય અને તેને કાપી પણ નહીં શકાય. આ ફેન્સિંગ સસ્તી પણ છે અને ઘણા લાંબા સમય સુધી ચાલી શકે તેમ પણ છે. ભારત અને બાંગ્લાદેશ વચ્ચે ઘૂસણખોરી એ એક મોટી સમસ્યા છે. આ સરહદેથી તસ્કરી અને ગેરકાયદેસર રીતે અવર-જવર રોકવા બીએસએફ ખૂબ જ મહેનત કરી રહ્યું છે. આ કારણે જ સરહદે અત્યાધુનિક વાડ લગાવવામાં આવી રહી છે. ભારત-પાકિસ્તાન અને ભારત-બાંગ્લાદેશ સરહદે ઘૂસણખોરી, તસ્કરી અને આતંકવાદી ગતિવિધિઓ પર નજર રાખવા માટે બીએસએફ અનેક તકનીકોનો ઉપયોગ કરી રહ્યું છે. આ તકનીકમાં એન્ટી ટનલ સોલ્યુશન, આઈઈડી શોધી કાઢવા અને ગાઢ ધુમ્મસમાં સરહદની ચોકસાઈ માટેના ઉપકરણોનો સમાવેશ થાય છે. બીએસએફ દેશમાં ઉપસ્થિત સર્વિલાંસ ઉપકરણોની પણ મદદ લઈ રહ્યું છે અને તેનો મોટો ફાયદો થયો છે. વ્યાપક સંકલિત બોર્ડર મેનેજમેન્ટ સિસ્ટમ, જેને લગાવવામાં બહુરાષ્ટ્રીય કંપનીઓ લાગેલી છે તે મોંઘુ પણ છે. બોર્ડર સર્વિલાંસ માટે હવે ઓછા ખર્ચાળ અને સ્વદેશી ઉપકરણોનો ઉપયોગ કરવામાં આવી રહ્યો છે. ૩-૪ વર્ષ પહેલા બીએસએફમાં વ્યાપક સંકલિત બોર્ડર મેનેજમેન્ટ સિસ્ટમ (સીઆઈબીએમએસ)ની ટ્રાયલ શરૂ થઈ હતી. આ તકનીકી સિસ્ટમ પાકિસ્તાન અને બાંગ્લાદેશની સરહદે લગાવવામાં આવી રહી છે. તેનો મોટો ફાયદો એ છે કે, તેની મદદથી ખરાબ હવામાન દરમિયાન પણ વ્યક્તિ, પશુ-પક્ષી અને અન્ય કોઈ ઉપકરણની તસવીર બિલકુલ સ્પષ્ટ દેખાય છે.

## દેશમાં કેસ ઘટ્યા : કોરોનાના ૨ લાખ ૩૫ હજાર કેસ

નવી દિલ્હી,તા.૨૯

દેશમાં જીવલેણ કોરોનાવાયરસ રોગચાળાના કેસ ગઈકાલની સરખામણીએ આજે ઘટ્યા છે. છેલ્લા ૨૪ કલાકમાં દેશમાં કોરોના વાયરસના ૨ લાખ ૩૫ હજાર ૫૩૨ નવા કેસ નોંધાયા છે અને ૮૭૧ લોકોના મોત થયા છે. દેશમાં દૈનિક હકારાત્મકતા દર હવે ઘટીને ૧૩.૩૯ ટકા પર આવી ગયો છે. કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રાલય દ્વારા જાહેર કરવામાં આવેલા આંકડા અનુસાર, હવે દેશમાં એક્ટિવ કેસની સંખ્યા ૨૦,૦૪,૩૩૩ થઈ ગઈ છે. તે સિવાય છેલ્લા ૨૪ કલાકમાં ૩,૩૫,૯૩૯ કોરોનાના દર્દીઓ સ્વસ્થ થયા છે. તે સિવાય અત્યાર સુધીમા ૧,૬૫,૦૪,૮૭,૨૬૦ લોકોને વેક્સિન આપવામાં આવી છે. કેન્દ્રિય સ્વાસ્થ્ય મંત્રાલયે જાહેર કરેલા આંકડાઓ અનુસાર દેશમાં હજુ એક્ટિવ કેસની સંખ્યા વધીને ૨૦ લાખ ચાર હજાર ૩૩૩ થઈ ગઈ છે. જ્યારે કોરોનાથી મોતને ભેટનારા લોકોની સંખ્યા વધીને ૪ લાખ ૯૩ હજાર ૧૯૮ થઈ ગઈ છે. આંકડાઓ અનુસાર ગઈકાલે ત્રણ લાખ ૩૫ હજાર ૯૩૯ લોકો સ્વસ્થ થયા હતા.

**PRE-LEASED PROPERTY**
OFFICE | SHOWROOM
2.5 Cr to 50 Cr
**GIFT CITY**
Invest in
COMMERCIAL PROPPERTY
2 Cr to 6 Cr
PROPERTY PARTNER™ BROKERS EXCUSE 99 79 88 78 99

**શિવશક્તિ ટુર્સ** જીગર પટેલ
મો. 97275 18086 | 94263 56045
સ્પે. રણ સીમા દર્શન
બનાસકાંઠા (નડાબેટ)
ભારત-પાક. બોર્ડર (સુઈગામ)
નારેશ્વરીમાતા વરાણા ખોડિયાર
૨x૨ બસ (જમવા સાથે) | તા. ૧૩-૨-૨૦૨૨ રવિવાર
વન-ડે પીકનીક ટુર | તા. ૨૦-૨-૨૦૨૨ રવિવાર
જો આપની પાસે ૧૨, ૧૫, ૨૦, ૩૫નું ફેમીલીગ્રુપ, સોસાયટી ગ્રુપ, મંડળગ્રુપ હશે તો તમામ પ્રવાસોનું રહેવા-જમવા, હોટલ, ગાઈડ્સ સાથે સુંદર આયોજન કરી આપવામાં આવશે.
ગંગાસાગર - જગન્નાથપુરી - નેપાલ - ચપારણ્ય
ચારધામ યાત્રા સૌરાષ્ટ્ર, કચ્છ, ઉજ્જૈન, શિરડી
ટેંપો ટ્રાવેલ્સ, મીની બસ ભાડે મળશે.